# વહીવટીતંત્ર
# દાદરા અને નગર હવેલી સંઘપ્રદેશ
# શિક્ષણ નિયામક કચેરી
# (સ્કોલરશીફ વિભાગ)
# સેલવાસ.

નં. ઈ. ડીએન./એકાઉન્ટ/શિષ્યવૃતિ/૪૫/૮૩/૨૧૫૮ .                                   તા. :22/૦૭/૨૦૧૧

## -: પરિપત્ર :-

આથી એસ.એસ.સી તથા એચ.એસ.સી. પરીક્ષા ઉતીર્ણ કર્યા બાદ ઉચ્ચ અભ્યાસ માટે જનાર અનુસૂચિત જાતિ / અનુસૂચિત જન જાતિ તથા અન્ય જાતિના ઓછી આવક ધરાવતા વિદ્યાર્થીઓને જાણ કરવામાં આવે છે કે ૨૦૧૧-૨૦૧૨ના વર્ષ માટે પોષ્ટ મેટ્રીક છાત્રવૃતિ નીચે જણાવેલ નિયમો અનુસાર અત્રેની કચેરી મારફત આપવામાં આવનાર હોય, તે અંગેના નિયત કરેલ અરજી પત્રકો મેળવી સંપૂર્ણ વિગતો ભરીને અરજી પત્રકો મોડામાં મોડા તા. ૩૦.૧૧.૨૦૧૧ સુધીમાં અત્રેની કચેરીએ મળે તે મુજબનો પ્રબંધ કરવો. અરજી પત્રકો કોલેજનાં વિદ્યાર્થીઓએ ઈન્ટરનેટ www.dnh.nic.in ઉપરથી ડાઉનલોડ કરીને મેળવી લેવા.

## -: છાત્રવૃતિ મેળવવા અંગેના નિયમો :-

૧. ઉમેદવાર (વિદ્યાર્થી) સંઘ પ્રદેશ દાદરા નગર હવેલીનો કાયમી વતની હોવા જોઈએ અને એ બાબતનો મામલતદાર, દાદરા નગર હવેલી સેલવાસનો દાખલો લેવો / પિતાનું અથવા (ગાડીયન) ડોમીસાઈલ સર્ટીફીકેટ જોડવું.

૨. અનુસૂચિત જાતિ / અનુસૂચિત જન જાતિનાં ઉમેદવારે એ બાબતનો મામલતદાર, દાદરા નગર હવેલીનો દાખલો સામેલ કરવો.

૩. વિદ્યાર્થી માતા-પિતા કે વાલીની સંયુક્ત વાર્ષિક આવક રૂા. ૧,૪૫,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પિસતાલીસ હજાર પુરા) થી વધુ ન હોવી જોઈએ અને એ મુજબનો વર્ષ ૨૦૧૦-૨૦૧૧ની વાર્ષિક આવક નો દાખલો મામલતદાર, દાદરા નગર હવેલી સેલવાસનો સામેલ કરવો. જો ઉમેદવારના માતા-પિતા જીવિત ન હોય તો મરણનો દાખલો સામેલ કરવો. સરકારી, કંપની, પ્રાઈવેટ સંસ્થામાં કામ કરતા કર્મચારીએ ઈન્કમ ટેક્ષ રીટર્ન ભર્યાની નકલ જોડવી તથા સેલેરી સર્ટીફીકેટ ફરજીયાત છે.

૪. કોઈ પણ રાજ્ય સરકાર કે ભારત સરકારે માન્ય કરેલ સંસ્થામાં અભ્યાસ કરવા માટે ઉપરોક્ત છાત્રવૃતિ આપવામાં આવશે.

૫. આગલા વર્ષની પાસ કરેલ પરીક્ષાનાં પ્રમાણપત્રની નકલ જોડવી તેમજ સ્કુલ / કોલેજ લીવીંગ સર્ટીફીકેટની નકલ જોડવી.

૬. કોલેજમાં ભરેલ ફીની રસીદ જોડવી.

૭. હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીએ હોસ્ટેલ ફી ની સરીદ તેમજ હોસ્ટેલ સુપ્રિન્ટેન્ડન્ટનું પ્રમાણપત્ર જોડવું.

૮. વાલીનાં રેશન કાર્ડની કોપી અવશ્ય જોડવી.

sch... form



૯. નિયત કરેલ અરજીપત્રકમાં સંપૂર્ણ વિગતો ભરી અરજી કરવાની રહેશે, અધૂરી વિગત વાળી તેમજ જરૂરી પ્રમાણપત્રો અરજી સાથે બિડાણ કરેલા ન હશે તો તેમજ યોગય કારણ દર્શાવ્યા સિવાય નિયત કરેલ સમય મર્યાદા પછી આવનાર અરજીપત્ર પર ધ્યાન આપવામાં આવશે નહી, અને એ અંગે કોઇપણ જાતના પત્ર-વ્યવહાર કર્યા વગર દફતરે અરજી કરવામાં આવશે જેની નોંધ લેવી.

૧૦. ધોરણ ૧૧ અને ૧૨નાં વિદ્યાર્થીઓને સરકારી શાળામાંથી જ અરજી પત્રકો આપવામાં અવશે, જે સંપૂર્ણ વિગત ભરીને એમણે શાળામાં જ આપવાના રહેશે.

૧૧. કોલેજના દરેક વિદ્યાર્થીઓને સૂચના આપવામાં આવે છે કે જે વિદ્યાર્થી જે તે કોલેજમાં અભ્યાસ કરતા હોય તે કોલેજનાં વડાની સહી સિક્કા કરી સ્કોલરસીપનું ફોર્મ જમા કરાવવું.

શિક્ષણ નિયામક
દાદરા નગર હવેલી,
સેલવાસ.

**નકલ રવાના :-**

૧. તમામ કચેરીનાં વડાઓ તરફ જાણ માટે.
૨. પ્રમુખશ્રી જિલ્લા પંચાયત, દાદરા નગર હવેલી સેલવાસ.
૩. સરપંચશ્રી, તમામ ગ્રુપ ગ્રામ પંચાયત દાદરા નગર હવેલી.
૪. હેડમાસ્તરો, તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક સરકારી શાળાઓને જાણ તથા વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન માટે.
૫. માહિતી અને પ્રસારણ અધિકારી દાદરા નગર હવેલી સેલવાસને બહોળી પ્રસિધ્ધિ માટે.
૬. તમામ ગ્રામ્ય લાયબ્રેરી.
૭. સેન્ટ્રલ લાયબ્રેરી, સેલવાસ.
૮. નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધિ માટે.
૯. સ્થાનિક સમાચાર પત્રમાં પ્રસારણ માટે.